# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Renewable energy in Gujarat

ગુજરાતે સ્વચ્છ અને હરિત ઊર્જાની મદદથી આગામી 2030 સુધીમાં 80 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઉર્જા મેળવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. આ પૈકી અત્યાર સુધીમાં 22.5 ગીગાવોટ ઉર્જા ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ કરી લેવામાં આવ્યો છે.

ગુજરાતે ચારણકામાં 700 મેગાવોટ ક્ષમતાવાળો ગુજરાત સોલાર પાર્ક, ભારતનો પ્રથમ કેનાલ-ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ, અને મહેસાણા જિલ્લાના મોઢેરા ગામના દરેક ઘરને ચોવીસ કલાક સૌર ઊર્જા પ્રદાન કરવા માટે દેશનો પ્રથમ (BESS) પ્રોજેક્ટ હાથ ધર્યા છે. આ ઉપરાંત કચ્છ ખાતે 30 ગીગાવોટનો વિંડ-સોલાર હાયબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક પણ વિકસિત કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત જમીન પર 180 ગીગાવોટની ઓનશોર વિંડ પાવર અને દરિયાકિનારા સહિત 30-35 ગીગાવોટ ઓફશોર પવનની સંભાવનાઓનો ઉપયોગ કરવા માટેની વ્યૂહરચના વિકસિત કરવામાં ગુજરાત અગ્રેસર છે. એવી જ રીતે ગુજરાત ઇલેક્ટ્રિક વાહનો (EVs) ના ઉપયોગમાં પણ ઝડપ લાવી રહ્યું છે, અને 2025 સુધીમાં 2 લાખ EVs ના લક્ષ્યાંકની સામે 60 હજાર ઇલેક્ટ્રીક વાહનોની નોંધણી થઇ છે.

ગુજરાત પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે ઉત્પાદન, સેવાઓ અને માળખાકીય વિકાસ સહિત વિવિધ પ્રકારની રોકાણની તકો પ્રદાન કરે છે. તથા ગુજરાત રિન્યુએબલ એનર્જી પાર્કના વિકાસ, EPC કોન્ટ્રાક્ટ અને ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની સ્થાપના માટેની સંભાવનાઓ ધરાવે છે.

## WORLD CUP TROPHY

રાજયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આઇસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની ટ્રોફી ઐતિહાસિક પ્રદર્શન માટે મુકવામાં આવી છે. ટ્રોફીના વૈશ્વિક પ્રવાસના ભાગરૂપે

એકતાનગરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રોફીને ૧૮ દેશોના પ્રસિદ્ધ સ્થાનોપર લઇ જવામાં આવી છે.

ક્રિકેટ પ્રેમીઓ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુલાકાતીઓને આ ટ્રોફીને નજીકથી નિહાળવાની તક મળી હતી. આ ટ્રોફીને વિશ્વભરમાં વિવિધ પ્રસિદ્ધ સ્થળોએ લઈ જવામાં આવી રહી છે, જે તેને એકતા અને રમતગમતની શ્રેષ્ઠતાનું પ્રતીક બનાવે છે.

## POLICE BAND

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શનિવાર અને રવિવારે સાંજે એસઆરપીનુ પોલીસ બેન્ડ પ્રવાસીઓનું નિ:શુલ્ક મનોરંજન કરશે. સ્ટેચ્યુ ઑફ યુનિટી એકતાનગર આજે વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યું છે ત્યારે નર્મદા જિલ્લાના અમારા પ્રતિનિધિ દીપક જગતાપ જણાવે છે કે, પ્રવાસીઓની સુવિધાઓ અને મનોરંજનમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ નવું આકર્ષણ ઉમેરાયું છે.

## rajkot zoo

રાજકોટના આજીડેમ ખાતે આવેલ જુના  ઝૂને અલગથી જ એશિયાઈ સિંહ સંવર્ધન અને ઉછેર કેન્દ્ર તરીકે વિકસવાયું છે. જેને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, ન્યુ દિલ્હી દ્વારા એશિયાઇ સિંહના સંવર્ધન અને ઉછેર માટેની માન્યતા પણ મળી છે. રાજકોટ ઝૂમાં અત્યાર સુધીમાં ૫૦ સિંહબાળનો જન્મ થયો છે. અમારા રાજકોટના પ્રતિનિધિ જયદીપ પંડયા જણાવે છે કે , આ સમગ્ર સંવર્ધન અને ઉછેર માટેનો પ્રોગ્રામ ખુબ જ વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે, જે અંતર્ગત બંધનાવસ્થામાં જનીનિક દ્રષ્ટિએ તંદુરસ્ત એવા એશીયાઇ સિંહો વચ્ચે મેટીંગ કરાવી તેમની વસ્તીને વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## GIR SOMNATH GOLD MEDAL

ગીર સોમનાથ જિલ્લાની પુરીબેન પરમારે નેપાલ ખાતે યોજાયેલ છઠ્ઠી આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં બરછી ફેકમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. પુરીબેન પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, ઘણીવાર મને નિષ્ફળતા મળી છે પરંતુ મેં ક્યારે હાર માની નથી અને  ખૂબ જ મહેનત બાદ મને આજે આ સફળતા મળી છે.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, વેરાવળ તાલુકાના મંડોર ગામની ખેડુત પુત્રીએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં અત્યાર સુધી 12 ચંદ્રકો મેળવ્યા છે.

## dang gramsabha

સબ કી યોજના, સબકા વિકાસ' કાર્યક્રમના ભાગરૂપે  ડાંગ જિલ્લાની ગ્રામ પંચાયતોમાં વિશેષ 'ગ્રામસભા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આહવા તાલુકાની ૪૦ ગ્રામ પંચાયતો સહિત વઘઇની ૩૧, અને સુબિર તાલુકાની ૨૯ ગ્રામ પંચાયતો મળી કુલ ૧૦૦ પંચાયતોમાં ગ્રામસભા યોજાઇ હતી. અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનિરા શૈખ જણાવે છે કે આ ગ્રામ સભામાં પીએમજેએવાય કાર્ડ ની ઉપયોગીતા અને વિતરણ, આભા કાર્ડ બનાવવા બાબત, આયુષ્યમાન કાર્ડ, એનીમિયા જાગૃતિ, ક્ષય અંગેની જાગૃતિ મનરેગા લેબર બજેટ 2023 24 ના કામો નક્કી કરવા બાબત અને ગ્રામજનોના વિવિધ પ્રશ્નોને લઈ ગ્રામ સભા યોજાઈ હતી.

## Gramsabha Daman

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં આયુષ્યમાન ભવ હેઠળ વિશેષ ગ્રામસભા યોજાઇ ગઇ.

આ ગ્રામસભામાં ઉપસ્થિત નાગરીકોને પ્રોજેકટરની મદદથી કૂપોષણ અને ક્ષયરોગ અંગે માહીતી આપવામાં આવી હતી. આ પ્રસંગે આયુષ્યમાન કાર્ડ માટ ખાસ કેમ્પ યોજાયો હતો.

અમારા દમણના પ્રતિનિધી પ્રદીપ ભાવસાર જણાવે છે કે, ત્રણ ઉદ્યોગપતિઓએ કૂપોષીત બાળકો અને સગર્ભા મહિલાઓને પોષણ માટે કીટ આપી હતી.

## Gandhi Jayanti

છોટાઉદેપુર જીલ્લાના રોજકુવા ગામે પ્રાથમિક શાળાના બાળકોએ ગાંધીજયંતિની આગવી રીતે ઉજવણી કરી છે.

ગાંધી જયંતિ તથા લાલ બહાદૂર શાસ્ત્રીજીની જંયતી નિમિત્તે વિદ્યાર્થીઓએ પ્રાર્થના સભા અને રેલીનું આયોજન કર્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓએ ગાંધી ગીતો રજૂ કર્ય હતા.

રેલી પછી ગાંધીજી અને શાસ્ત્રીજીના જીવનકાર્યનો પરિચય આપતા વ્યાખ્યાનો યોજાયા હતા.

આ પ્રસંગે નિબંધ તથા ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું.